પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૯-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનમાં મોદીએ દેશનું વિકાસ મોડલ રજુ કર્યું

# ભારતમાં ૭૦ હજાર સ્ટાર્ટઅપ, અમે ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માંગીએ છીએ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

સમરકંદ,

ઉઝ્બેકિસ્તાનના સમરકંદમાં આયોજિત શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનને આજે પીએમ મોદીએ આજે સંબોધિત કર્યું. તેમણે આ દરમિયાન ખાદ્ય સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવ્યો. પીએમ મોદીએ કહ્યું કે એસસીઓ દેશોએ રૈંગ્નીંજ ઉગાડવું જોઈએ. આ એક એવું સુપરફૂડ છે જે દુનિયામાં છવાયેલા ખાદ્ય સંકટને દૂર કરી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે દુનિયા કોવિડ-૧૯ મહામારી પર કાબૂ મેળવી રહી છે. કોવિડ અને યુક્રેન સંકટના કારણે વૈશ્વિક આપૂર્તિ શ્રૃંખલામાં અનેક વિઘ્નો આવ્યા. અમે ભારતને એક મેન્યુફેક્ચરિંગ હબમાં ફેરવવા માંગીએ છીએ.



પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે શાંઘાઈ સહયોગ સંગઠનથી વિશ્વાસનો માહોલ પેદા થશે. અમે પરસ્પર સહયોગ બનાવવા માંગીએ છીએ. ભારત મેડિકલ ટુરિઝમનું હબ બની રહ્યું છે. ભારતને મેન્યુફેકચરિંગ હબ બનાવવાની કોશિશ છે. કોરોનાના કારણે સપ્લાય ચેન પર અસર પડી. અમે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના પક્ષમાં છીએ. ભારતમાં ટેકનોલોજી પર પૂરેપૂરું જોર છે.

પીએમ મોદીએ કહ્યું કે અમે જન કેન્દ્રીત વિકાસ મોડલ પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ. અમે દરેક ક્ષેત્રમાં ઈનોવેશનનું સમર્થન કરી રહ્યા છીએ. આજે આપણા દેશમાં ૭૦,૦૦૦થી વધુ સ્ટાર્ટ અપ અને ૧૦૦થી વધુ યુનિકોર્ન છે. આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થા ૭.૫ ટકાના દરે વધવાની આશા છે. મને ખુશી છે કે અમારી અર્થવ્યવસ્થા દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં ઝડપથી તેજીથી વધતી અર્થવસ્થાઓમાંથી એક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એપ્રિલ ૨૦૨૨માં WHO એ ગુજરાતમાં પોતાના ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું ઉદ્ઘાટન કર્યું. ડબ્લ્યુએચઓ દ્વારા પરંપરાગત ઉપચાર માટે આ પહેલું અને એકમાત્ર વૈશ્વિક કેન્દ્ર હતું. ભારત પરંપરાગત દવાઓ પર એક નવા એસસીઓ વર્કિંગ ગ્રુપ માટે પહેલ કરશે.

આ બેઠકમાં એસસીઓમાં સુધારા અને વિસ્તરણ, પ્રાદેશિક સુરક્ષા, સહયોગ, કનેક્ટિવિટીને મજબૂત બનાવવું અને વેપારને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા થઈ હતી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું- ભારત એસસીઓ સભ્યો વચ્ચે વધુ સહયોગ અને વિશ્વાસનું સમર્થન કરે છે. મોદીએ સંબોધન કરતા કહ્યું હતુ કે વિશ્વ કોવિડ મહામારીમાંથી બહાર આવી રહ્યું છે. યુક્રેન કટોકટી અને કોરોનાને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં કેટલીક મુશ્કેલીઓ પડી છે. વિશ્વ ઉર્જા અને ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યું છે. એસસીઓ દેશો વચ્ચે સપ્લાય ચેન વિકસાવવાના પ્રયાસો કરવા જોઈએ. તેને વધુ સારી કનેક્ટિવિટીની જરૂર છે.મોદીએ કહ્યું- આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થામાં ૭.૫ ટકાના દરે વૃદ્ધિની આશા છે. મને ખુશી છે કે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.

મોદીએ કહ્યું- આ વર્ષે ભારતની અર્થવ્યવસ્થામાં ૭.૫ ટકાના દરે વૃદ્ધિની આશા છે. મને ખુશી છે કે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે.

અમે ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા માંગીએ છીએ. ભારતના યુવાનો અને કાર્યબળ તેને કુદરતી રીતે સ્પર્ધાત્મક બનાવે છે. અર્થતંત્ર ૭.૫%ના દરે વૃદ્ધિ પામે તેવી અપેક્ષા છે, જે વિશ્વની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ છે. ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમે ઈનોવેશનનું સમર્થન કરી રહ્યા છીએ. ભારતમાં ૭૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ છે, જેમાંથી ૧૦૦થી વધુ યુનિકોર્ન છે. અમે નવા સ્પેશિયલ વર્કિંગ ગ્રુપની સ્થાપના કરીને એસસીઓ સભ્યો સાથે અમારો અનુભવ શેર કરવા તૈયાર છીએ.

મોદીએ એસસીઓ સમિટમાં કહ્યું, વિશ્વ ઘણા પડકારોનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં એસસીઓની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. એસસીઓ વૈશ્વિક અર્થતંત્રમાં ૩૦ ટકા યોગદાન આપે છે. ૪૦ ટકા વસ્તી પણ એસસીઓ દેશોમાં રહે છે. ભારત એસસીઓ દેશો વચ્ચે વધુ સહકાર અને પરસ્પર વિશ્વાસનું સમર્થન કરે છે.

વિશ્વ આજે અન્ય એક મોટો પડકારનો સામનો કરી રહ્યું છે જે તેના નાગરિકો માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેનો ઉકેલ મિલેટ્સની ખેતીને પ્રોત્સાહન આપવું તે છે. તે હજારો વર્ષોથી વિશ્વના ઘણા ભાગોમાં ઉગાડવામાં આવે છે. આ ખોરાકનો શ્રેષ્ઠ સ્રોત છે. ૨૦૨૩ને ઈયર ઓફ મિલેટ્સ તરીકે મનાવવામાં આવશે.

## ચૂંટણી કમિશનની ટીમ બે દિવસ ગુજરાતમાં, ગાંધીનગર કલેક્ટરની અધિક મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે નિમણૂક

ગાંધીનગર,

ગુજરાતમાં ચૂંટણીનું આગામી સમયમાં આયોજન યોજાઈ રહ્યું છે એવા સંજોગોમાં તૈયારીઓની સમીક્ષા કરવા માટે ચૂંટણીપંચની ટીમ ગુજરાત મુલાકાતે આવી રહી છે. આવતીકાલથી બે દિવસ સુધી કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ અમદાવાદ ખાતે આવશે. ગુજરાતના તમામ જિલ્લા કલેક્ટર અને તમામ જિલ્લા પોલીસવડા સાથે કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ મુલાકાત કરવાની છે. આ બેઠક દરમિયાન સંવેદનશીલ બૂથ તેમજ જિલ્લા વહીવટી તંત્રની વ્યવસ્થા અંગેની સમીક્ષા કરશે. ગાંધીનગર કલેક્ટરની અધિક મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

કેન્દ્રીય ચૂંટણીપંચની ગુજરાત મુલાકાત અગાઉ જ રાજ્ય સરકારે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું, જેમાં ગાંધીનગર કલેક્ટર ડો. કુલદીપ આર્યાને અધિક મુખ્ય નિર્વાચન અધિકારી તરીકે નિમણૂક કરી છે. જ્યારે ગાંધીનગર કલેક્ટર તરીકે ગાંધીનગર ડીડીઓ સુરભિ ગૌતમને ચાર્જ સોંપ્યો છે.

રાજ્યમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજાયા બાદ આગામી મહિનાની ૧૦મી તારીખ આસપાસ અંતિમ મતદારયાદી જાહેર કરવામાં આવશે. ત્યારે મતદારયાદી, મતદાન માટેની તૈયારીઓ વગેરે અંગે પણ સમીક્ષા આ મુલાકાત દરમિયાન કરવામાં આવશે. કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ ગુજરાત મુલાકાત દરમિયાન અમદાવાદ ખાતે બેઠક યોજશે. અમદાવાદ ખાતે ખાનગી હોટલમાં આ બેઠકોનો દૌર બે દિવસ સુધી યોજાશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી ડિસેમ્બર મહિનામાં યોજાય એવી શક્યતા છે. રાજકીય પક્ષો દ્વારા પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. એ ઉપરાંત આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોનું ત્રીજું લિસ્ટ પણ જાહેર કરી દેવાયું છે. હવે કોંગ્રેસ પણ તેના ઉમેદવારોની ટૂંક સમયમાં જાહેરાત કરશે.

## દેશમાં ઓનલાઈન ગેમિંગ ઈન્ડસ્ટ્રીઝમાં ૩૮ ટકા જેટલો જંગી વિકાસદર નોંધાયો

નવીદિલ્હી,

દેશમાં હાલ ૪૦૦થી વધારે ગેમિંગ કંપની અને ૪૨ કરોડ જેટલા ઓનલાઈન ગેમર્સ છે વિશ્વમાં ભારત કરતાં વધારે ઓનલાઈન ગેમર્સની સંખ્યા ફક્ત ચીનમાં જ છે દેશમાં ફાઈવ-જી ટેલિકોમ સર્વિસિસ શરૂ તાજેતરના વર્ષોમાં ઘરઆંગણાની ઓનલાઈન ગેમિંગ ઈન્ડસ્ટ્રીનો ગ્રોથ સૌથી તેજ રહ્યો છે.

બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ અને વેન્ચર કેપિટલ ફર્મ સિકોઈઆ અનુસાર ભારતમાં હાલમાં ઓનલાઈન ગેમિંગ ઈન્ડસ્ટ્રી વર્ષે ૩૮ ટકાના દરે વૃદ્ધિ કરી રહી છે. દેશમાં ફાઈવ-જી ટેલિકોમ સર્વિસિસ શરૂ થશે તે પછી આ વૃદ્ધિદર વધારે ઊંચકાશે. ભારતની તુલનાએ અમેરિકામાં આ વૃદ્ધિદર ફક્ત ૧૦ ટકા અને ચીનમાં આઠ ટકાનો વૃદ્ધિદર નોંધાયો છે. કેપીએમજી અનુસાર દેશમાં હાલમાં ૪૦૦થી વધારે ગેમિંગ કંપનીઓ છે અને લગભગ ૪૨ કરોડ ઓનલાઈન ગેમર્સ છે. ભારત કરતાં વધારે ઓનલાઈન ગેમર્સની સંખ્યા ફક્ત ચીનમાં છે. પોતાની સંખ્યાના કારણે જ ભારત વિશ્વના ટોચના પાંચ મોબાઈલ ગેમિંગ બજારોમાં સામેલ થઈ ગયું છે. કેપીએમજીએ એ અનુમાન લગાવ્યું છે કે ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં ભારતીય ગેમિંગ ઉદ્યોગની કમાણી ૨૯,૪૦૦ કરોડની ઉપર નીકળી જશે.

## સરકારી કર્મચારીઓ સામે સરકાર ઝુકી, આંશિક માંગણીઓ સરકારે સ્વીકારી

ગાંધીનગર,

ગુજરાત સરકારે આંદોલન કરી રહેલા સરકારી કર્મચારીઓની કેટલીક માંગો સ્વીકારી છે.રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું કે સરકાર જૂની પેંશન યોજનાનો આંશિક અમલ કરશે. સાતમા પગાર પંચના બાકી ભથ્થા પણ ચુકવીશુ. સરકારે કુટુંબ પેન્શન યોજનાનો સ્વીકાર આ યોજના ૧-૪-૨૦૦૫માં નોકરીએ લાગ્યા છે તે કર્મચારીઓ માટે છે, વર્ષ ૨૦૦૫ પહેલા ભરતી થયેલાને જુની પેન્શન અને ભારત સરકારનો વર્ષ ૨૦૦૯નો કુટુંબ પેન્શન યોજનાનો ઠરાવ સરકારે સ્વિકાર્યો છે.

કર્મચારીઓના મોતના કેસમાં પરિવારને પેન્શનનો લાભ મળશે. કર્મચારીઓને મુશ્કેલી ન પડે તેને સરકારે ધ્યાનમાં રાખી છે. જુદા જુદા કર્મચારી સંગઠનો આ આંદોલનો ચલાવી રહ્યા છે. સરકારે આંશિક માગણીઓને સ્વીકારી છે. CCC ની પરીક્ષાઓની મુદત લંબાવાઈ છે. ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પરીક્ષાઓ પાસ કરવાની રહેશે. ૭મા પગાર પંચની અમલવારી કરવામાં આવશે અને બાકી ભથ્થાઓની ચૂકવણી કરવામાં આવશે. વર્ષ ૨૦૦૫ પહેલા ભરતી થયેલાને જુની પેન્શન અને ભારત સરકારનો વર્ષ ૨૦૦૯નો કુટુંબ પેન્શન યોજનાનો ઠરાવ સરકારે સ્વિકાર્યો છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણા ડેમમાંથી ૧,૫૦,૦૦૦ ક્યુસેક પાણી મહી નદીમાં છોડવામાં આવ્યું



મહિસાગર, કડાણા જળાશયમાં ઉપરવાસના સ્ત્રાવ વિસ્તારમાં ભારે વરસાદ થવાથી પાણીની આવક થઇ રહી છે. ઉપરવાસના બજાજસાગર સાગર બંધમાંથી પાણી છોડવામાં આવી રહ્યુ છે.

ઉપરવાસમાં બજાજસાગર ડેમ માંથી હાલમાં ૧,૪૨,૫૧૭ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. કડાણા બંધની સુરક્ષા તથા ઉપરવાસમાંથી આવતા પાણીના પ્રવાહને ધ્યાનમાં લેતા હાલમાં કડાણા ડેમમાંથી ૧,૫૦,૦૦૦ કયુસેક પાણી મહી નદીમાં છોડવા આવ્યું છે. કડાણા ડેમમાં મહીસાગર નદીમાં પાણી છોડવામાં આવતા નદી કાંઠાના ખાનપુર, કડાણા અને લુણાવાડા તાલુકાના ગામડાઓને સાવચેત અને સતર્ક કરવામાં આવ્યા છે.

કડાણા બંધમાંથી પાણીની આવકના પગલે જળ સ્તર વધ્યું છે. તેને અનુલક્ષીને અને તકેદારીના ભાગ રૂપે મહી નદી કાંઠાના સંબંધિત તાલુકાઓના મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓ કાંઠાના ગામોની નિરીક્ષણ મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરીને તકેદારીના યોગ્ય ઉપાયોની સૂચનાઓ આપી રહ્યા છે.

કાંઠાના ગામોના લોકોને બે કાંઠે વહેતી મહી નદીના પટમાં જવા,રોકાવા,પશુઓ ચારવા કે સ્નાન કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે.

વધુમાં કડાણા તાલુકાનો ઘોડીયાર લો-લેવલ બ્રીજ અને લુણાવાડા તાલુકાના હાડોડ લો-લેવલ બ્રીજ બંધ કરવામાં આવનાર હોઈ પુલના બન્ને છેડે વાહનચાલકો અને નાગરીકોને આ બ્રિજ પરથી પસાર ન થવા પણ જણાવવામાં આવ્યુ છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દાહોદ અંતર્ગત ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ ને શુક્રવારના રોજ એમ.વાય. હાઈસ્કુલ દાહોદ ખાતે ધોરણ ૧૧ અને ૧૨ આટ્ર્સના વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમા ગુજરાતી ભાષા અને સાહિત્યનો પ્રચાર-પ્રસાર થાય અને ગુજરાતી ભાષાની સજ્જતા કેળવાય એ માટે માતૃભાષા નું મહત્વ' સંદર્ભે ડો. મૌસમી મેસવાણીયા દવે અને ડો. રોહિત કપૂરી એ વક્તવ્ય આપ્યું હતું.**



**તા.૧૬.૦૯.૨૦૨૨ ના રોજ કડાણા તાલુકાના જુની કોલોની સ્થળે કડાણા ડેમના જળાશય માંથી માછીમાર મંડળીની મિટિંગમાં રાજ્ય સરકારના મંત્રી કુબેરભાઈ ડીડોર સાથે કડાણા તાલુકા ભાજપા મહામંત્રી કાળુભાઈ પી.ડામોર તથા કાળુભાઈ એસ.ડામોર તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સ્વાગત કર્યુ અને કુબેરભાઈ ડીડોર મંત્રી તરીકે શપથ લીધાના એક વર્ષ પૂર્ણ થતાં શુભેચ્છાઓ પાઠવી.**

# લુણાવાડા પોલીસ સ્ટાફે ટેમ્પામાં લઈ જવાનો ૬૨ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લા પોલીસ વડા લુણાવાડા વિભાગ લુણાવાડા નાઓ તરફથી આપેલ સુચના આધારે લુણાવાડા પો.સ્ટે.ના પોલીસ બાતમી મળેલ કે, ગોધરા તરફથી એક આયસર ટેમ્પો નં. MP-40-GA-0190 નો જેમાં દારૂ ભરેલ છે અને લુણાવાડા તરફ આવી રહેલ છે. તેવી બાતમી આધારે કોટેજ ચોકડી લુણાવાડા પાસે વાહન ચેકીંગમાં હતા. દરમ્યાન ઉપરોકત નંબરનો ટેમ્પો આવતા તેને રોકી અંદર ચેક કરતા જેમાં જવના ભુસા નીચે દારૂની પેટીઓ ભરેલ મળી આવેલ જે દારૂ ટેમ્પો ચાલક રાહુલ કેશરસીંગ પરમાર રહે.ગામ-ગુણાવદ, શાંતીનગર, તા.જી.ધાર, મદયપ્રદેશનાઓને પ્રોહીમુદ્દામાલ બોટલ નંગ-,૪૫૦ કીંમત રૂપીયા.૨,૬૨,૧૫૦/- તથા એક આયશર ટેમ્પોની કીંમત રૂપીયા .૫,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૧ કિંમત રૂપીયા ૫,૦૦૦/- મળી કુલે રૂપીયા ૭,૬૭,૧૫૦/-નો મુદ્દામાલ સાથે મળી આવતા આરોપી વિરૂદ્ધ લુણાવાડા પોલીસ સ્ટેશને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ડાયટ સંતરામપુર ખાતે નવા પ્રાચાર્ય તરીકે કે.ટી. પોરાણીયાની નિમણૂંક થતા સત્કાર સમારંભ યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ડાયટ સંતરામપુર ખાતે નવા પ્રાચાર્ય કે.ટી.પોરાણીયાની નિમણુંક થતાં તેઓનો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. ડાયટના ડી.એલ.એડના તાલીમાર્થીઓ અને સમગ્ર ડાયટ પરિવારે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તાલીમાર્થીઓના જી.એસ. સુભાષ ડામોરે પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ ડાયટના સિનિયર લેક્ચરર ડો. હર્ષદ પેટેલ દ્વારા તેમનું ભાવ ભર્યુ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ડાયટનો ચાર્જ સંભાળી રહેલા પ્રાચાર્ય કે.ટી.પોરાણીયો જીવનમાં કઈ રીતે પ્રગતિ કરવી તે અંગે માહિતી આપી હતી. જીવનમાં કોઈપણ વ્યકિત સરળતાથી કઈ મેળવી શકતો નથી. તેના માટે સખત મહેનત જોઈએ તેઓ પણ પી.ટી.સી કરીને જ આટલા સુધી પહોચ્યા છે તેમ જણાવ્યું હતું. તેઓ સંતરામપુરને પોતાના ગામ જેવું માને છે, તેમના માટે અહીંયા કઈપણ નવું નથી. તેઓ અહીંયા પહેલા પણ ફરજ પર આવીને ગયા હતા. ત્યારબાદ તેઓએ ઇડરમાં પ્રાચાર્ય તરીકેની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેઓ હંમેશા તાલીમાર્થીઓ સાથે વધારે સમય પ્રસાર કરશે તેમની સાથે વાતચીત કરશે અનેક પ્રકારના કાર્યક્રમો યોજશે તે અંગે પણ વાત કરી હતી. આ સમારંભમાં ડી.એલ.ઍડ કોલેજના તાલીમાર્થી આશિષ બારીઆએ તેમનું ડાયટ પરિવાર વતીથી શબ્દોથી સ્વાગત કર્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં ડાયટના અદયાપકઓ એચ.આર પટેલ, આર.એલ.વણકર, ડો. એસ.એચ. પટેલ, એચ.કે પટેલ, કે.ડી.પટેલ અને તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. અંતે કાર્યક્રમની આભાર વિધિ એચ.કે .પટેલે કરી હતી.

# મતદાર જાગૃતિ વધારવાના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના ઔદ્યોગિક એકમોના HR તથા CSR સાથે યોજાઈ બેઠક



ગોધરા, ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૨ ની લાયકાત તારીખના સંદર્ભમાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાલ ચાલુ છે. તે અંતર્ગત મતદાર યાદીમાં ૧૮ વર્ષથી વધુ વયના નાગરીકો પોતાના નામ દાખલ કરાવી શકે છે. દેશના મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગેની જાગૃતતા વધે અને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં પોતાની ભાગીદારી નોંધાવે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી ચૂંટણી પંચ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે.

મતદાર જાગૃતિ વધારવાના ભાગરૂપે આજરોજ જિલ્લા સેવાસદન કલેકટર કચેરી ખાતેના સભાખંડ ખાતે કલેકટર સુજલ મયાત્રા અને જિલ્લા ચૂંટણી અધિકારીના અદયક્ષસ્થાને ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજવામાં આવી હતી.જેમાં કુલ ૨૨ MOU કરવામાં આવ્યા હતા.

આ MOU મુજબ ઔદ્યોગિક વસાહતોમાં કામ કરતા તમામ કામદારોની મતદાર તરીકે નોંધણી થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ મતદાનના દિવસે તેઓ તમામ દ્વારા મતદાન કરવામાં આવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. વિવિધ કામદારો બીજા જિલ્લામાં વસવાટ કરતા હોય અને અહીંયા મતદાર તરીકે નોંધણી કરાવવા ઈચ્છતા હોય તો તેની વ્યવસ્થા કરવામાં આવશે. દરેક ઔદ્યોગિક એકમ એક વોટર અવેરનેસ ફોરમની રચના કરે અને તેના નોડલ ઓફિસરની નિમણૂક કરે તથા તમામ કામદારોના ડેટાબેઝ નિભાવિને જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું. મતદાર જાગૃતિ માટે SVEEP એકટીવીટીના કાર્યક્રમો જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કરવા માટે સહયોગ આપવામાં આવશે. મતદાર જાગૃતિ ફોરમ (VA)ની રચના કરવામાં આવશે. હાલમાં ચાલી રહેલ ઈલેકશન કાર્ડ સાથે આધારલીંક કરવા માટેના કાર્યક્રમોમાં પણ સહયોગ આપવામાં આવશે.

આજની આ બેઠકમાં અધિક જિલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા, જિલ્લાના સબંધીત અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ સહિત ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

**દાહોદ જિલ્લામાં આવેલ ઝાલોદ એપીએમસીની ચુંટણી સંમ્પન્ન થયાં બાદ આજરોજ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે ભાજપના માજી ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા અને વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ કોળી ચુંટાયાં હતાં. ઝાલોદ નગરમાં આવેલ ઝાલોદ એપીએમસીની ચુંટણી થોડા દિવસો પહેલાં સંમ્પન્ન થઈ હતી અને ચુંટણીમાં ઝાલોદના માજી ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની પેનલનો ભવ્ય વિજયી થયો હતો. ત્યારે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચુંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે મહેશભાઈ ભુરીયા અને વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ કોળી સર્વાનુમતે ચુંટાઈ આવ્યાં હતાં.**

# જિલ્લા સેવા સદન ગોધરા ખાતે મંત્રી અર્જુનસિંહ ચૌહાણના અધ્યક્ષપદે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઇ



ગોધરા, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ, પ્રભારીમંત્રી અર્જુનસિંહ ચૌહાણના અદયક્ષપદે જિલ્લા સેવાસદન ગોધરા કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક મંડળના સભ્યો અને અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઈ.

સદર બેઠકમાં સભ્યસચિવ અને પ્રાયોજના વહીવટદાર ડી.આર.પટેલ દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન યોજના તથા જિલ્લાની આદિજાતિ વસ્તી અને તેના આધારે થતી જોગવાઈ અંગે તેમજ ૧૦ મુદ્દા કાર્યક્રમ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી. વર્ષ ૨૦૨૧-૨૨ માં તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ યોજાયેલ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી ત્યારબાદ ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૨૨-૨૩ ની આદિજાતિ વિસ્તારની સંભવિત જોગવાઈ રૂ.૯૯૨.૪૨ લાખ અને છૂટાછવાયા આદિજાતિ વિસ્તારની સંભવિત જોગવાઈ રૂ.૧૨૬.૭૪ લાખ મળી કુલ રૂ૧૧૧૯.૧૬ લાખની સંભવિત જોગવાઈ સામે ૭ તાલુકાની તાલુકાવાર વસ્તી આધારિત જોગવાઈ મુજબ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ દ્વારા મંજૂર કરી મોકલેલ ૭ તાલુકાના આદિજાતિ વિસ્તારના રૂ.૧૦૩૦.૧૯ લાખના ૭૭૬ અને છૂટાછવાયા આદિજાતિ વિસ્તારના રૂ.૧૩૭.૮૦ લાખના ૧૨૩ કામો મળી કુલ રૂ.૧૧૬૭.૯૯ લાખના ૮૯૯ કામોનું આયોજન જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા મંજૂર કરવામાં આવ્યું.

છેલ્લા ૨ વર્ષના ૬ કામોમાં કરવામાં આવેલ ફેરફારની મંજૂરીને બહાલી આપવામાં આવી તથા છેલ્લા ૨ વર્ષના બાકી કામોની કામવાર પ્રગતિની સમીક્ષા કરવામાં આવી.

આ બેઠકમાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ સહિત જિલ્લાના સબંધીત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વચ્છતા હી સેવા અભિયાનનો દાહોદ જિલ્લામાં પ્રારંભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ જિલ્લામા સ્વચ્છતા હી સેવા અભિયાનનો ગત તા. ૧૫ સપ્ટેમ્બરથી પ્રારંભ થયો છે. જે અંતર્ગત જિલ્લાના ૧૬૪ ગામોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૬૮ જેટલા ગામોમાં સફાઇ અભિયાન હાથ ધરાયું હતું.આ અભિયાનમાં ૮૮૫ જેટલા ગ્રામજનોએ શ્રમદાન કર્યું હતું. તેમજ સ્વચ્છતા બાબત વ્યાપક પ્રચાર પ્રસાર કરાયો હતો. આ અંગેના જાગૃકતા કાર્યક્રમમાં ૩૩૫૭ લોકોએ ભાગ લીધો હતો. તેમજ ૨૮ સામુહિક કમ્પોસ્ટ પીટ અને ૩૨ સામુહિક સોકપીટના ખાતમુહૂર્ત કરાયા હતા. બાયોગેશ ઈન્સટોલેશન માટેના ૫ ખાડાના, ૪ સામુહિક શૌચાલયના ખાતમુહૂર્ત અને ૨ ડોર ટુ ડોર કચરા કલેકશન માટેના સાધનના લોકાર્પણ કરાયા હતા. સ્વચ્છતા હી સેવાના પ્રથમ દિવસે લીમખેડા તાલુકાની કુન્લી ગ્રામ પંચાયત ખાતે સ્વચ્છતા હી સેવા-૨૦૨૨ ઝુંબેશ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સરતનભાઈ ડામોર દ્વારા ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત કુન્લી ગ્રામ પંચાયત ખાતે ફ્લેક્ષી બાયોગેસ પ્લાન્ટના અને સામુહિક શોક્પીટના ખાતમુહૂર્ત કર્યા હતા. આ પ્રોજેક્ટ થકી લાભાર્થીને ખેતીમાં સારૂં ઉત્પાદન મેળવી શકે અને ગામની સ્વચ્છતા અને સારૂં પર્યાવરણ જાળવી શકાય છે. આ પ્રોજેક્ટના લાભ બાબતે સરતનભાઈએ ગ્રામજનોને સમજ આપી હતી. જિલ્લા કો.ઓર્ડિનેટર વિવેકભાઈ પ્રજાપતિ દવારા સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) ભાગ-૨માં ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન કંપોસ્ટપીટ અને શોકપીટ તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ માટેની વિસ્તૃત માહિતી ગ્રામજનોને આપી હતી. આ વેળાએ એસડબ્લયુએમ કન્સલ્ટન્ટ, સરપંચ, તલાટી, તાલુકા એસબીએમ સ્ટાફ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


## જાહેર નિવિદા નંબર : એસકે/૭ સને ૨૦૨૨-૨૩

### ગુજરાત સરકાર

આથી કાર્યપાલક ઈજનેર શ્રી, મહીસાગર મા.અને મ.વિભાગ, લુણાવાડા, કોટેજ હોસ્પિટલ પાસે, લુણાવાડાની કચેરીએથી પ્રિન્ટર રીપેરીંગ તથા કાર્ટીઝ રીફીલીંગની જરૂરીયાત મુજબની કામગીરી કરાવવા અંગેની કામગીરીમાં રસ ધરાવનાર સ્થાનિક ઈસમો પાસેથી વિભાગ/પેટાવિભાગોની નીચે મુજબની કામગીરીના પોતાના લેટરપેડ પર રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી ભાવપત્રક મંગાવવામાં આવે છે. ભાવપત્રક સાથે સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર, ઈન્કમટેક્ષ પ્રમાણપત્ર પાન નંબર બાનાની રકમ રૂ.૫૦૦૦/- ડ્રાફટ અથવા એફ.ડી.આર. (રાષ્ટ્રીયકૃત બેન્કની) કાર્યપાલક ઈજનેરશ્રી, મહીસાગર મા.અને મ.વિભાગ, લુણાવાડાના નામનો બિડવાનો રહેશે. ભાવપત્રક મોડામાં મોડું તા.૨૧/૦૯/૨૦૨૨ સુધીમાં મળે તે રીતે મોકલવાના રહેશે. ભાવપત્રકોના કવર ઉપર ''પ્રિન્ટર રીપેરીંગ તથા કાર્ટીઝ રીફીલીંગની કામગીરીનું ભાવપત્રક'' તેમ જણાવવાનું રહેશે. જેની તરફેણમાં ભાવ મંજૂર થશે. તેઓશ્રીએ ડીપોઝીટની રકમ જમા કરાવી ડીટેન્ડરમાં કરારખત કરવાનું રહેશે. તથા તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી, મહીસાગર મા.અને મ.વિભાગ, લુણાવાડાની કચેરીએ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે.

બાનાની રકમ વગર તેમજ શરતી ભાવપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. એક યા બધા જ ભાવ પત્રકો રદ કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની સત્તાને આધિન રહેશે.

| અ.નં. | કામગીરીની વિગત | એકમ | ભરેલ ભાવ |
|---|---|---|---|
| ૧ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર ફુલ સર્વિસ. | પ્રતિ નંગ | |
| ૨ | એપ્સોન એલ ૧૩૦ પ્રિન્ટર ફુલ સર્વિસ. | પ્રતિ નંગ | |
| ૩ | બ્રધર ડીસીપી-ટી ૫૧૦ ડબલ્યુ પ્રિન્ટર ફુલ સર્વિસ. | પ્રતિ નંગ | |
| ૪ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગ (સારી કંપનીનું ટોનર). | પ્રતિ નંગ | |
| ૫ | એપ્સોન એલ ૧૩૦ પ્રિન્ટરની ઈન્ક (એપ્સોન કંપનીની). | પ્રતિ સેટ | |
| ૬ | બ્રધર ડીસીપી-ટી ૫૧૦ ડબલ્યુ પ્રિન્ટર ઈન્ક (બ્રધર કંપનીની). | પ્રતિ સેટ | |
| ૭ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર ડ્રમ (સારી કંપનીનું). | પ્રતિ નંગ | |
| ૮ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર મેગ્નેટ રોલર (સારી કંપનીનું) | પ્રતિ નંગ | |
| ૯ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર પીસીઆર (સારી કંપનીનું). | પ્રતિ નંગ | |
| ૧૦ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર ડોકટર બ્લેડ (સારી કંપનીનું). | પ્રતિ નંગ | |
| ૧૧ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર વાઈપર બ્લેડ (સારી કંપનીનું). | પ્રતિ નંગ | |
| ૧૨ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર સારી કંપનીની નવીન કાર્ટીઝ. | પ્રતિ નંગ | |
| ૧૩ | કેનોન ૨૯૦૦ પ્રિન્ટર કમ્પેટેબલ કાર્ટીઝ. | પ્રતિ નંગ | |
| ૧૪ | સેમસંગ કેર ૨૦૦ ઝેરોક્ષ મશીન ફુલ સર્વિસ. | પ્રતિ નંગ | |
| ૧૫ | સેમસંગ કેર ૨૦૦ ઝેરોક્ષ મશીનનું કાર્ટીઝ રીફીલીંગ. | પ્રતિ નંગ | |
| ૧૬ | બ્રધર-એલ ૫૦૦૦ ડી પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગ (સારી કંપનીનું ટોનર). | પ્રતિ નંગ | |
| ૧૭ | તથા અન્ય ઉપર દશાવિલ ઝેરોક્ષ મશીન, લેજરઝેટ પ્રિન્ટર, કલર પ્રિન્ટર, કાર્ટીઝના પાર્ટસના ભાવો. | પ્રતિ નંગ | |

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા અને મ વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૫૩૨/૨૦૨૨


# દેવગઢ બારીઆના આપના વિધાનસભાના જાહેર થયેલ ઉમેદવાર : ભરત વાખળાના ભાઈએ લખણગોજીયા ગામે પત્નિના આડા સંબંધની શંકાએ હત્યાનો પ્રયાસ કર્યા

દાહોદ, જિલ્લાના ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામે પત્ની સાથેના આડા સંબધની અદાવતમાં થયેલા ઝઘડામાં દેવગઢ વિધાનસભાના આપના જાહેર થયેલા ઉમેદવાર ભરત વાખળાના ભાઈએ બહાર ગામ જઈ રહેલા ગામના બે વ્યક્તિની બાઈકને રસ્તામાં સ્કોર્પીયો ગાડી વડે મારી નાંખવાના ઈરાદે ટક્કર મારી નીચે પાડી જીવલેણ હુમલો કર્યો હતો. ત્યારબાદ સ્કોર્પીયો ગાડી લઈ હુમલાખોરો નાસી ગયા હતા. ઘટનાને પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં ચક્ચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે દાહોદ જિલ્લાના રાજકારણમાં પણ અનેક ચર્ચાઓએ ભારે જોર પકડ્યું હતું. પત્ની સાથે આડા સંબંધની શંકાએ તકરાર કરી દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના લખણાગોજીયા ગામના વાખળા ફળિયામાં રહેતો ઈશ્વરભાઈ પ્રતાપભાઈ વાખળાએ તેની પત્ની સાથે તેના ગામના બારીયા ફળિયાનો મુકેશભાઈ બાબુભાઈ બારીયા આડો સંબંધ રાખતો હોવાની અદાવત રાખી તકરાર કરી હતી. ત્યારબાદ ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામના મુકેશભાઈ બાબુભાઈ બારીયા તથા શૈલેષભાઈ દીપસીંગભાઈ બારીયા બંને જણા એક બાઈક ઉપર બેસીરામપુર ગામેથી લખણપુર ગામે જતા હતા. સ્કોર્પીયોથી બાઈકને ટક્કર મારી પાડી દેતા જીવલેણ ઈજાઓ પહોંચી તે દરમિયાન ઈશ્વર પ્રતાપ વાખળા પોતાની જીજે-૧૭-બીએ-૬૬૬૭ સ્કોર્પિયો ગાડીથી મુકેશ બારીયા તથા તેની સાથેના યુવકને મારી નાંખવાના ઈરાદે બાઈકને ટક્કર મારી નીચે પાડી દઈ જીવલેણ ઈજાઓ પહોંચાડી ગાડી લઇને નાસી ગયો હતો. હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામા આવ્યો. આ સંદર્ભે મુકેશભાઈ બાબુભાઈ બારીયા ધાનપુર પોલીસ મથકે ઈશ્વર પ્રતાપ વાખળા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે હત્યાની કોશીષનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આપની આજ.......

મેષ : આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે. સંતાનો તરફથી પણ જે ચિંતાઓ રહી હતી તે આજે ઉકેલાશે તેવી અપેક્ષા છે.

વૃષભ : આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે નોકરી કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે.

મિથુન : આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો. સ્થળ પરિવર્તનનો સંદર્ભ મજબૂત અને સ્થાપિત થશે. નાણાકીય લાભ થશે, પરંતુ લાભ કરતાં વધારે ખર્ચને કારણે ઉદાસ રહેશો.

કર્ક : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે. તમને પ્રિયજનોનું ઈચ્છિત સુખ અને ટેકો મળશે. સાંજથી રાત સુધી શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

સિંહ : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમને પરિવારના સભ્યો સાથે મુસાફરીનો આનંદ મળશે.

કન્યા : આજે શારીરિક અને આર્થિક શક્તિ પ્રાપ્ત થશે. સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે. પરંતુ ખર્ચ આવકના પ્રમાણમાં વધુ રહેશે.

તુલા : આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઈચ્છો તો પણ રોકાણ કરી શકો છો. દિવસ થોડો વ્યસ્ત રહેશે, તેમ છતાં તમે કાર્યથી સંતુષ્ટ થશો.

વૃશ્ચિક : આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. તે જ સમયે વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

ધનુ : આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારી લોકો સાથે મિલાપ વધશે. વેપારીઓ અને ભાગીદારો તરફથી પણ વ્યવસાયમાં સારું વાતાવરણ રહેશે.

મકર : આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે. કોઈ જૂના મિત્ર સાથેની મુલાકાત આજે તમારા ચહેરા પર સ્મિત લાવશે.

કુંભ : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે. આ સિવાય કફના લીધે શારીરિક પીડા થવાની સંભાવના રહેશે.

મીન : આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે. વ્યવસાયમાં સાથીઓ સાથે સંકલનના અભાવે તમે અસ્વસ્થતા અનુભવો છો. વિરોધીઓ પણ આજે સક્રિય રહેશે.



आज़ादी का अमृत महोत्सव

ગુજરાત સરકાર

# સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ

## વિશ્વાસથી વિકાસ યાત્રા

### મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં

**» સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ રિસર્ચ એન્ડ ઇનોવેશન ફેસ્ટિવલનું ઉદ્ઘાટન**

- SSIP 2.0ના સમયગાળા માટે જોગવાઇ કરવામાં આવેલ ₹ 500 કરોડ હેઠળ પ્રથમ તબક્કામાં ₹ 17 કરોડની સહાય
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ આ વર્ષે 61 હજારથી વધુ વિદ્યાર્થીઓને ₹ 292 કરોડથી વધુ સહાય. જે ક્રમમાં વધુ ₹ 10 કરોડની સહાય અપાશે.
- શોધ યોજના હેઠળ રિસર્ચને પ્રોત્સાહન માટે 1,373 સ્કોલર્સને અંદાજીત ₹ 7.50 કરોડની સહાય
- સ્ટુડન્ટ ઇનોવેશન અને સ્ટાર્ટ-અપ ઈન્ડેક્સનું અનાવરણ
- રાજ્યભરમાં 17 સપ્ટેમ્બર થી 15 ઓક્ટોબર સુધી યોજાશે 175 વિદ્યાર્થીલક્ષી કાર્યક્રમો

**» ક્લાઇમેટ ચેન્જ પર યુથ આઉટરીચ અને ઇન્ટરેક્શન માટે 17 સપ્ટેમ્બર થી 30 સપ્ટેમ્બર સુધી યોજાનાર પંચામૃત યુવા જાગૃતિ પખવાડિયાના કાર્યક્રમનું ઉદ્ઘાટન**

**» રાષ્ટ્રીય આજીવિકા મિશન હેઠળ 22,000 મહિલા મંડળોની 2,20,000 બહેનોને અપાશે ₹ 300 કરોડની ક્રેડિટ**

- દરેક જિલ્લા અને મહાનગર કક્ષાએ થશે આયોજન

**» જલ સે જય તક**

ધરોઇથી અંબાજી સુધીની સાઇકલ યાત્રા
તથા બાઇક યાત્રાનું ખાસ આયોજન

છેલ્લા બે દાયકામાં
**વિશ્વાસ અને વિકાસ** એક બીજાના
**પર્યાય બન્યા છે**



## ગોધરા તાલુકાના કાંકણપુર ગામે

# ફાર્મ હાઉસમાં ભારતીય રીઝર્વ બેંકની ૫૦૦ના દરની ડુપ્લીકેટ નોટો છાપતા બે ઈસમોને LCBપોલીસે ઝડપ્યા

- પોલીસે સ્થળ ઉપર થી ઈલેકટ્રોનિક સાધનો તથા સાહિત્ય મળી ૬૦,૪૫૭/-રૂા.નો મુદ્દામાલ કબ્જે લીધો.
- બે ઈસમો વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી.

ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર ગામે ફાર્મ હાઉસમાં કેટલાક ઈસમો ભારતી ચલણની નોટોનું છાપકામ કરી રહ્યા છે અને તેમના ઘરમાં ડુપ્લીકેટ નોટો છાપવાનું સાહિત્ય રાખેલ છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈલેકટ્રોનિક સાધનો સાહિત્ય મળી કિંમત ૬૦,૪૫૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે.



પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંકણપુર ગામે રહેતા હરીશભાઈ ગોવિંદભાઈ વણઝારા પોતાના સીમમાં આવેલ ફાર્મના મકાનમાં બહાર થી માણસો બોલાવી આર્થિક લાભ મેળવવા ભારતીય ચલણમાં ચાલતી ભારતીય રીઝર્વ બેંકની ચલણની નોટોનું છાપકામ કરી રહ્યા છે અને તેના ઘરમાં ડુપ્લીકેટ ચલણી નોટો છાપવાનું સાહિત્ય રાખેલ છે. તેવી બાતમી એલ.સી.બી. પોલીસને મળી હતી. બાતમીના આધારે કાંકણપુર ગામે સીમમાં ફાર્મના મકાનમાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન લેપટોપ, ચાર્જર સાથે એચ.પી.કંપનીનું સ્કેનર પ્રિન્ટર, કલર પ્રિન્ટર, ભારતીય રીઝર્વ બેંકની ચલણની ૫૦૦ના દરની પ્રિન્ટ કરેલ કાગળો નંગ-૨૯, એ-૪ સાઈઝના પેપર, બટર પેપર, એ-૪ સાઈઝના સામાન્ય જોડા ઝેરોક્ષ પેપર, લોખંડની કટર મળી કિંમત ૬૦,૪૫૭/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન અશોકગીરી પરસોતમગીરી મેઘનાથી (ગૌસ્વામી) હાલ રહે. મન એજયોટીકા મકાન નં.૧૦૩ બોપલ, અમદાવાદ, દિવ્યેશભાઈ જયંતિભાઈ કુશકીયા રહે. વેરાવળ બાયપાસ ચોકડી, આર્શીવાદ સ્કુલ રોડ, વેરાવળ (હાલ. જી.એન.એફ.સી.ની પાછળ, રંગીલા પાર્ક સોસાયટી અમદાવાદ) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે બે આરોપીઓ હરીશભાઈ ગોવિંદભાઈ વણઝારા (રહે. કાંકણપુર, ગોધરા), મિનેન્દ્ર પગી (રહે. લુણાવાડા)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે આઈ.પી.સી. કલમ ૪૮૮(ક), ૪૮૯(ઘ), ૪૮૯(ચ) (૧)૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શહેરા તાલુકાના નરસાણા સરપંચ દ્વારા વીજ સમસ્યાને અન્ય પ્રશ્નો લઈ વીજ કંપનીને રજુઆત કરી

શહેરા,


શહેરા તાલુકાના નરસાણા ગામના સરપંચ દ્વારા એમ જી વી સી એલ કચેરી ખાતે વીજ સમસ્યા સહિત અનેક પ્રશ્નોને લઈને રજૂઆત કરાઈ હતી. તાલુકાની મુખ્ય એમ.જી.વી.સી.એલ કચેરી બે વિભાગમાં વહેંચાયેલી હોવા સાથે બે ડેપ્યુટી ઈજનેર પણ ફરજ બજાવતાં હોય ત્યારે વીજ ગ્રાહક ફરિયાદ કેન્દ્ર એક જ હોય તેમજ ગ્રામીણ વિસ્તારના વીજ ગ્રાહકોને લાઈટ બિલ ભરવા માટે પણ તાલુકા મથક ખાતે આવવાની ફરજ પડતી હોય છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં છાસવારે સર્જાતી વીજ સમસ્યાને લઈને નરસાણા ગામના સરપંચ પ્રફુલભાઈ વણકર એ તાલુકાની મુખ્ય એમ.જી.વી.સી.એલની કચેરી ખાતે રજૂઆત કરી હતી. સરપંચ પ્રફુલભાઈ વણકર દ્વારા કરવામાં આવેલ રજૂઆતમાં નગર અને તાલુકામાં ૪૦ હજાર કરતા વધુ વીજ ગ્રાહકો હોય તેમ છતાં વીજ ગ્રાહક ફરિયાદ કેન્દ્રની એક જ કચેરી હોવા સાથે ટેલીફોન પણ એક જ હોવાથી વ્યસ્ત આવતો હોય છે. ટેલીફોન પર વીજ સમસ્યાને લગતી ફરિયાદ નોંધાયા બાદ બે કલાક કે અડધો દિવસ જતો રહ્યો હોય ત્યારે હલ થતી હોય છે. ફરિયાદ કેન્દ્રમાં અમુક વખતે ફોન પણ લાગતો ના હોય તેના કારણે વીજ ગ્રાહકોને બહુ તકલીફ પડતી હોવા સાથે અનેક વિવિધ મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જ્યારે શહેરા તાલુકાની મુખ્ય એમ.જી.વી.સી.એલ કચેરીમાં બે વિભાગમાં વહેંચાયેલી હોવા સાથે બે ડેપ્યુટી ઈજનેર પણ ફરજ બજાવતાં હોય ત્યારે વીજ ગ્રાહક ફરિયાદ કેન્દ્ર એક હોવા સાથે ગ્રામીણ વિસ્તારના વીજ ગ્રાહકોને લાઈટ બિલ ભરવા માટે તાલુકા મથક ખાતે આવવાની ફરજ પડતી હોય છે. મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા શહેરા તાલુકાના વીજ ગ્રાહકોના વીજ સમસ્યાને લગતા અનેક પ્રશ્નોના વહેલી તકે ઉકેલ આવે તેમજ ગ્રામીણ વિસ્તારના મોટા ગામમાં લાઈટ બિલ ભરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરે તેવી માંગ વીજ ગ્રાહકો તેમજ જાગૃત નાગરિકો માંથી ઊઠવા પામી હતી. જિલ્લાની વીજ કચેરીના અધિકારીઓ દ્વારા તાલુકા પંથકના વીજ ગ્રાહકો સાથે એક સંવાદનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવે તે પણ હાલ જરૂરી હોવા સાથે તાલુકાના ગ્રામીણ વિસ્તારની ઓચિંતી મુલાકાત લેવામાં આવે તો ચોમાસા પહેલા કરવામાં આવતી કામગીરી કરવામાં આવી છે કે નહીં તેઓને પણ ખબર પડી શકે તો નવા નહી.

# રાજગઢ ફોરેસ્ટ વિભાગ દ્વારા દીપડાને પકડવા પાંજરા ગોઠવામાં આવ્યા



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં હાહાકાર મચાવનાર માનવભક્ષી દીપડાએ ત્રણ બાળકોના શિકાર કરતા ચકચાર મચી હતી. ત્યારે રાજગઢ ફોરેસ્ટ ઓફિસર સરલાબેન કટારા તથા વન વિભાગના કર્મચારીઓ દ્વારા દીપડાને પકડવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે. ભારે વરસાદમાં વાવ કુંડલી તથા ટેકરી ફળિયા અને જંગલ વિસ્તારમાં પાંજરા ગોઠવ્યા આવ્યા હતા. રાજગઢ વનવિભાગ દિવસ રાજ જોયા વિના દીપડાને પકડવા માટે જીવના જોખમે પાંજરામાં દીપડા માટે ખોરાક તથા દીપડાની હિલચાલ ઉપર નજર નાખી રહ્યા છે.

# પંચમહાલ જિલ્લાકક્ષાએ કલેક્ટર કચેરી ખાતે EVM-VVPAT નિદર્શન ખુલ્લું મુકાયું

ગોધરા,

આગામી સમયમાં યોજનાર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત સામાન્ય મતદારો ઈવીએમ-વીવીપેટની કાર્યપદ્ધતિથી માહિતગાર થાય અને તેની કાર્યરીતિ અંગે જાણકારી મેળવે તે હેતુસર ઈવીએમ-વીવીપેટ નિદર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવાના હેતુસર દરેક જિલ્લા/તાલુકા મથક ખાતેથી કચેરીઓ/જનસેવા કેન્દ્ર ખાતે સ્થાયી EVM-VVPAT નિદર્શન તૈયાર કરવામાં આવે છે. જેને અનુલક્ષીને જિલ્લાકક્ષાએ કલેકટર કચેરી,ગોધરા ખાતે EVM-VVPAT નિદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે.



ભારતનાં ચૂંટણી આયોગ દ્વારા વધુમાં વધુ મતદારો આ નિદર્શન પ્રક્રિયામાં સહભાગી બની સમગ્ર કાર્યપદ્ધતિથી વાકેફ થાય તે માટે વિવિધ કચેરીઓ ખાતે આવતા મુલાકાતીઓને EVM-VVPAT નિદર્શન કાર્ય ની મુલાકાત લેવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી,ગોધરા તરફથી અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિશ્વાસથી વિકાસ યાત્રા : વિશ્વમાં થઈ રહેલી ગ્લોબલ વોર્મિંગની અસર સામે નવી નીતિઓ ઘડવામાં ગુજરાત અગ્રેસર

- ગ્લોબલ વોર્મિંગ સામેની વૈશ્વિક લડાઈમાં ગુજરાત મોખરે : એશિયા ખંડમાં કલાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરનાર ગુજરાત પ્રથમ.
- ૨૦૨૨માં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત એનર્જી એન્ડ કલાઈમેટ ઈન્ડેકસમાં ભારતના તમામ રાજ્યોમાં ગુજરાતને તાજેતરમાં પ્રથમ સ્થાન મળ્યું.
- ગુજરાતે કલાઈમેટ ચેન્જ પર તૈયાર કર્યો સ્ટેટ એકશન પ્લાન : IIT, ગાંધીનગર અને IIM, અમદાવાદ કરશે મદદ.

આપણે સૌ આજે બદલાતા વાતાવરણની અસરો અનુભવી રહ્યાં છીએ. ક્યારેક અતિશય ઠંડી તો ક્યારેક અતિશય ગરમી અને ક્યારેક વધુ વરસાદ તો ક્યારેક અસામાન્ય વરસાદ તેમજ ક્યારેક વાવઝોડા અને વંટોળની સ્થિતી સર્જાય છે. આ બધી ઘટનાઓ હવે સામાન્ય બનતી જઈ રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે, આ બધી સમસ્યાઓના મૂળમાં ગ્લોબલ વોર્મિંગ રહેલું છે. જેને કારણે આ કલાઈમેટ ચેન્જની સ્થિતી આજે વિશ્વભરમાં છેલ્લા કેટલાક વર્ષો થી અનુભવાઈ રહી છે. આ સમસ્યા આજે સમગ્ર વિશ્વ સામે ખતરારૂપ ઘંટડી સમાન છે. જો હાલ આ બાબતે કોઈ ચોક્કસ પગલા લેવામાં નહી આવે તો આવનારી પેઢીના ભવિષ્ય સામે સવાલ ઉભા થઈ શકે છે. ગુજરાત સરકાર રાજ્યના લોકોની સુખાકારી માટે હંમેશા સંવેદનશીલ રહી છે અને કોઈ પણ અવરોધો સામે પગલા લેવામાં હંમેશા અગ્રેસર રહી છે. ત્યારે આ કલાઈમેટ ચેન્જ સામે રક્ષણ મળે તથા આવનાર પેઢીને સારૂં ભવિષ્ય મળે તે માટે પણ સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાતના સક્રિય અભિગમના ભાગરૂપે, વર્ષ ૨૦૦૯માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલાયમેટ ચેન્જના સ્વતંત્ર અલાયદા વિભાગની સ્થાપના કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. કલાઈમેટ ચેન્જની અસર સામે લડવા આ મુજબના સ્વતંત્ર વિભાગની રચના કરનાર ગુજરાત સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ સ્થાને છે. આ કલાઈમેટ ચેન્જમ વિભાગ કલાઈમેટ ચેન્જયના અનૂકુલન અને શમન માટેની વિવિધ નીતિઓ અને યોજનાઓ પર કામ કરી રહ્યું છે.

ગુજરાતે ભારતના રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અનુસાર કલાઈમેટ ચેન્જ પર સ્ટેટ એકશન પ્લાન તૈયાર કર્યો છે. રાજ્ય કાર્ય યોજનામાં નવ વિષયો જેવા કે કૃષિ, પાણી, આરોગ્ય, જંગલો અને જૈવ-વિવિધતા, દરિયાઈ સપાટીમાં વધારો અને દરિયાકાંઠાની માળખાકીય સુવિધાઓ, ઉર્જા કાર્યક્ષમતા અને નવીનીકરણીય ઉર્જા, શહેરી વિકાસ, નબળા સમુદાયો અને ગ્રીન જોબ્સના ક્ષેત્રોનો સમાવેશ કરતી અનુકૂલન અને શમનની ક્રિયાઓનો સમાવેશ થાય છે. SAPCC(સ્ટેટ એક્શન પ્લાન કલાઈમેટ ચેન્જ) ને તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) ગાંધીનગરની મદદથી અદ્યતન કરવામાં આવી છે.



## કલાઈમેટ ચેન્જ પર ગ્રીન બજેટ માં રૂ.૯૦૦૦ કરોડની જોગવાઈ : આ પ્રવૃતિને વેગ આપવા વિવિધ વિભાગો સાથે ભાગીદારી

છેલ્લા ૫ વર્ષથી, આ વિભાગ કલાઈમેટ ચેન્જ અનુકૂલન અને શમનને લગતી વિવિધ વિભાગોની પ્રવૃતિઓનું સંકલન કરીને ગુજરાતનું ગ્રીન બજેટ રજૂ કરી રહ્યું છે. વર્તમાન નાણાકીય વર્ષના બજેટમાં રાજ્ય સરકારના અન્ય ૧૯ વિભાગો દ્વારા કલાઈમેટ ચેન્જ સ્કીમ હેઠળ રૂ. ૯૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કલાઈમેટ ચેન્જ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવા માટે ગુજરાત યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે. કલાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટે યુનિસેફ, GIZ અને ICLEI જેવી વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ કલાઈમેટ ચેન્જ પર વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા ભાગીદારી કરી છે. ભારત સરકારે ગુજરાતના કલાઈમેટ ચેન્જ (NAFCC) પ્રોજેક્ટ માટે નેશનલ એડેપ્ટેશન ફંડ મંજૂર કર્યું છે. જે કચ્છ, ગુજરાતમાં કુદરતી સંસાધન આધારિત સમુદાયો માટે કલાઈમેટ ચેન્જ અનુકૂલન અને પાણી અને આજીવિકાની સુરક્ષા અને ઈકોસિસ્ટમ પુનઃસ્થાપન દ્વારા સ્થિતિસ્થાપકતામાં વધારો થાય તેના ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં પાણીની સુરક્ષા, આજીવિકાની સુરક્ષા અને ઈકોસિસ્ટમ પુનઃસ્થાપનને સુનિશ્ચિત કરવાના હેતુ માટેની ૧૫ વિવિધ પ્રવૃત્તિઓ સામેલ છે.

## દેશની ખ્યાતનામ સંસ્થાઓ દ્વારા કલાઈમેટ ચેન્જ ઈમ્પેક્ટ્સ એન્ડ રિસર્ચ પર અધ્યયન

કલાઈમેટ ચેન્જ વિભાગ IIM, અમદાવાદ, IIT, ગાંધીનગર, CEPT, GERMI, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, M.S યુનિવર્સિટી વગેરે સહિત ગુજરાત રાજ્યની પ્રખ્યાત સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓને વિવિધ કલાઈમેટ ચેન્જ માટેના રિસર્ચને સમર્થન આપી રહી છે. ગુજરાત SAPCC રાષ્ટ્રીય માર્ગદર્શિકા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs), પેરિસ કરાર અને પંચામૃત માટે ભારતના રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન (INDC) સાથે સંકળાયેલ છે. ગુજરાત વર્ષ ૨૦૩૦ માટે રાષ્ટ્રીય લક્ષ્ય સાથે રાજ્ય સ્તરે પુનઃપ્રાપ્ય ઉર્જા લક્ષ્યાંક હાંસલ કરવા માટે તેની વ્યૂહરચના અને રોડમેપ તૈયાર કરી રહ્યું છે. IIM અને IIT સાથે પરામર્શમાં રહી બેટરી સ્ટોરેજ, ગ્રીન હાઈડ્રોજન જેવા નવીન ઉર્જા ઉકેલો પર નવી વ્યૂહરચના વિકસાવી રહ્યું છે. તેમજ નેટ ઝીરો માટે રોડમેપ પણ વિકસાવવામાં આવી રહ્યો છે.

– ૨૦૨૨માં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત એનર્જી એન્ડ કલાઈમેટ ઈન્ડેક્સમાં ભારતના તમામ રાજ્યોમાં ગુજરાતને તાજેતરમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

## રિન્યુએબલ ઉર્જામાં અગ્રેસર ગુજરાત : પવન ઉર્જા અને સૌર ઉર્જામાં દેશમાં બીજું સ્થાન

પવન ઊર્જાની ઝાંખી : ગુજરાત દ્વારા વર્ષ ૧૯૯૩ ૯૪ માં દેશની સૌ પ્રથમ પવન ઊર્જા નીતિ જાહેર કરવામાં આવેલ. સમગ્ર ભારતમાં ૩૧ ઓગસ્ટ૨૦૨૨ ની સ્થિતિએ ૪૧૨૦૪.૬૮ મે. વો. ક્ષમતાના વિન્ડ પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવેલ છે. જે પૈકી ૯૫૬૬.૩૬ મે. વો. ની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન બીજા સ્થાને છે. જે આશરે ૨૩.૨% જેટલુ થાય છે.

સૌર ઊર્જાની ઝાંખી : ગુજરાત દ્વારા વર્ષ ૨૦૦૮૦૯માં દેશની સૌ પ્રથમ સૌરઊર્જા નીતિ જાહેર કરવામાં આવેલ. સમગ્ર ભારતમાં ૩૧ ઓગસ્ટ૨૦૨૨ ની સ્થિતિએ ૫૯૩૦૨.૭૦ મે. વો. ક્ષમતાના સૌર પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવેલ છે. જે પૈકી ૮૦૭૫.૨૧ મે. વો. ની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન બીજા સ્થાને છે. જે આશરે ૧૩.૬. જેટલુ થાય છે.






## રિન્યુએબલ ઉર્જા ક્ષેત્રે પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ

"સરકારી ઈમારતો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ બેસાડવાની યોજના : ગુજરાત સરકારની કલાઈમેટ ચેન્જ પોત્સાહક નિતીના કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં સોલાર રૂફટોપમાં ૧૯૩૭ મેગાવોટ ક્ષમતા સાથે અગ્રેસર છે. સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધી અંદાજે ૧૭૭૧ શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્ય કેન્દ્ર જેવી કે કલેક્ટર/મામલતદાર કચેરી, આરટીઓ કચેરી, ટ્રેઝરી ઓફિસ, સરકારી કોલેજો, કોર્ટ સંકુલ, પોલીસ સ્ટેશન, સરકારી સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે ઈમારતો પર કૂલ ૪૦૫૯૦ કિલોવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવામાં આવેલ છે.

"સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ માટે સબસીડી યોજના : સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ યોજના હેઠળ રાજ્યમાં આવેલ ગૌશાળા/ પાંજરાપોળ/ શૈક્ષણિક સંસ્થાઓ/ ચેરિટેબલ અને ધાર્મિક ટ્રસ્ટો / હોટલ/ પ્રાઈવેટ ડેરીઓ/ એગ્રોફૂડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝ/કો-ઓપરેટીવ સુગર ઈન્ડસ્ટ્રીઝની લાભાર્થી તરીકે પસંદગી કરવામાં આવે છે. આ યોજના હેઠળ બિન નફાકીય સંસ્થાઓને બાયોગેસ પ્લાન્ટની કિંમતના ૭૫% અને નફાકીય સંસ્થાઓને બાયોગેસ પ્લાન્ટની કિંમતના ૫૦% સબસીડી આપવામાં આવે છે.

"ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઊર્જા કાર્યક્રમ પંખાઓ બેસાડવાની યોજના : આ યોજના અંતર્ગત વર્ષ :૨૦૧૭-૧૮ થી અત્યાર સુધીમાં કુલ ૭૬૦૧૬ પંખા, ગુજરાતનાજુદા જુદા કુલ ૨૦ જિલ્લાઓની ૮૭૬૯ શાળાઓમાં લગાવવામાં આવેલા છે. જેના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૨.૫૬ મિલીયન યુનિટની વીજ બચત થયેલી છે, તેમજ ૧૨૫૫૭ ટન કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં ઘટાડો નોંધાયેલ છે.

"ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ઊર્જા કાર્યક્મ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ બેસાડવાની યોજના : આ યોજના અંતર્ગત વર્ષઃ ૨૦૧૭-૧૮ થી અત્યાર સુધીમાં કુલ ૧૧૫૪૩૪ ટ્યુબલાઈટ, ગુજરાતના જુદા જુદા કુલ ૨૩ જિલ્લાઓની ૧૧૬૯૦ શાળાઓમાં લગાવવામાં આવેલ છે. સદર યોજના દ્વારા અત્યાર સુધીમાં કુલ ૩૦.૭૯ મિલીયન યુનિટની વીજ બચત થયેલ છે, તેમજ ૩૦૭૮૭ ટન કાર્બન ડાયોક્સાઈડ ના ઉત્સર્જનમાં ઘટાડો નોંધાયેલ છે.

"પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન યોજના : પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન માટે ગ્રામ્ય વિસ્તારોમાં સખી મંડળની બહેનોને પ્રતિ કિલો રૂ. ૧૦/- ની પ્રોત્સાહક રકમ આપવાની યોજના રૂ. ૫૦ લાખની જોગવાઈ સાથે ૨૦૨૧-૨૨ થી અમલમાં મૂકેલી છે અને ઓગસ્ટ ૨૦૨૨ના અંત સુધીમાં ૮૫ ટન પ્લાસ્ટિક કચરાના એકત્રીકરણ માટે પ્રોત્સાહક રકમનું વિતરણ કરવામાં આવ્યું છે. ઊર્જા બચત, પાણી બચત તથા પ્લાસ્ટિકના ઉપયોગથી થતી અસરો અંગે ગ્રામ્ય કક્ષાએ જાગૃતતા લાવવા સખીમંડળની બહેનોને તાલીમ આપવાની યોજના અંતર્ગત ૨૦૨૧-૨૨ થી ૩૩ જીલ્લાની ૨૫૭૪૦ બહેનોને તાલીમ આપવામાં આવેલ છે.

"સોલાર વોટર હિટીંગ સિસ્ટમ : GEDA દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ થી રાજ્યમાં આદિવાસી વિસ્તારોની સરકારી છાત્રાલયોમાં સોલાર વોટર હીટિંગ સિસ્ટમ સ્થાપિત કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. બાદમાં રાજ્યના તમામ સરકારી છાત્રાલયો, નિવાસી શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને તીર્થધામના વિશ્રામ ગૃહોને આવરી લેવામાં આવ્યા. ઉપરોક્ત યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ થી આજદિન સુધી ગુજરાત રાજ્યની વિવિધ સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને હોસ્ટેલ બિલ્ડીંગની પરિસ્થિતી અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા ૧૦૦% સરકારી સહાયથી કુલ ૫૪૦ હોસ્ટેલ બિલ્ડીંગમાં કુલ ૧૯,૮૨,૫૦૦ લિટર પ્રતિ દિવસ ક્ષમતાની સોલાર વોટર હિટીંગ સીસ્ટમ અંદાજીત રૂ.૨૯.૨ કરોડના ખર્ચે બેસાડવામાં આવેલ છે. જેનો ઉપયોગ છાત્રાલયોમાં રહેતા અંદાજીત ૭૯૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા નહાવા માટે થાય છે. સોલાર વોટર હિટીંગ સીસ્ટમની સ્થાપના થી વાર્ષિક ૫૧.૯૫ મિલિયન વિજ યુનિટ ની બચત થાય છે.

"લાકડા આધારીત સુધારેલ સ્મશાનભઠ્ઠી બેસાડવાની સહાય યોજનાઃસુધારેલ સ્મશાનભઠ્ઠીના ઉપયોગથી મૃતદેહના અગ્નિસંસ્કાર પાછળ વપરાતા લાકડામાં આશરે ૪૦ થી ૫૦ ટકા જેટલી બચત થઈ શકે છે. આ યોજના અંતર્ગત ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકા/મહાનગર સેવાસદન હસ્તકના સ્મશાન ગૃહોમાં વર્ષ ૨૦૧૬-૧૭ થી અત્યાર સુધીમાં કુલ ૫૬૫૦ સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામા આવેલી છે. જેના માટે લાભાર્થી પાસે થી રૂ. ૧૦૦૦/- પ્રતિ સ્મશાન ભઠ્ઠી ટોકન રકમ તરીકે લેવામાં આવે છે.

"બેટરી સંચાલિત ઈલેક્ટ્રિકદ્વિ-ચકીય વાહન માટે વિદ્યાર્થીઓને સબસિડી : ગુજરાત રાજ્યનાશહેરી વિસ્તારોમાં પરિવહન માટે બેટરી સંચાલિત વાહનોના ઉપયોગથી પેટ્રોલિયમ પેદાશોની બચત થાય છે તેમજ પર્યાવરણની જાળવણી થાય છે. બેટરી સંચાલિત વાહનોની વિશેષતા નીચે મુજબ છે.

"મોંઘા પેટ્રોલ વિના ચાલે છે અને અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતા ઘટાડે છે.

"પ્રદૂષણ મુક્ત વાહનો અને પર્યાવરણને જોખમી વાયુઓથી બચાવે છે.

"ધ્વનિ પ્રદૂષણ થતુ નથી.

"ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI) દ્વારા ઓછી ગતિના વાહનો ને છજીઘ નોંધણી અને ડ્રાઈવિંગ લાયસન્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.

"ખૂબ જ ઓછા પાવર વપરાશ સાથે બેટરીને ઘરે સરળતાથી ચાર્જ કરી શકાય છે.

ધો ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓને લિથિયમ-આયન બેટરીસંચાલિત ઈલેક્ટ્રિક દ્વિ-ચકીય વાહન માટે વાહન દીઠ રૂ ૧૨૦૦૦ની સબસિડી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬ થી કુલ ૩૭૯૬૮ વિદ્યાર્થીઓને રૂ. ૩૯.૬૫ કરોડની સબસિડી આપવામાં આવેલી છે.






## સરકારની કલાઈમેટ ચેન્જ નીતિના ઉત્કૃષ્ટ પરિણામો-સિદ્ધિઓ-ઉપલબ્ધીઓ

"સમગ્ર એશિયા ખંડમાં કલાઈમેટ ચેન્જટ માટે અલાયદા વિભાગની સ્થાપના કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. કલાઈમેટ ચેન્જન વિભાગ કલાઈમેટ ચેન્જગના અનૂકુલન અને શમન માટેની વિવિધ નીતિઓ અને યોજનાઓ પર કામ કરી રહ્યું છે.

" ૨૦૨૨માં નીતિ આયોગ દ્વારા પ્રકાશિત એનર્જી એન્ડ કલાઈમેટ ઈન્ડેક્સમાં ભારતના તમામ રાજ્યોમાં ગુજરાતને તાજેતરમાં પ્રથમ સ્થાન મળ્યું છે.

"કલાઈમેટ ચેન્જ વિભાગ હસ્તક ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા બદલ નવીન અને પુનઃ પ્રાપ્ય ઊર્જાના કેન્દ્રીય રાજ્ય મંત્રી ભગવંત ખુબાના હસ્તે એસોસીએશન ઓફ રિન્યુએબલ એનર્જી ઓફ સ્ટેટ (AREAS) દ્વારા હાંસલ કરેલ કૂલ છ એવોર્ડ

૧. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્રથમ ક્રમની સૌથી વધારે પવન ઊર્જા વધારાની ક્ષમતા માટે.
૨. વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા માટે.
૩. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દ્વિતિય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા વધારાની ક્ષમતા માટે.
૪. વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતા માટે.
૫. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય ઊર્જા વધારાની ક્ષમતા માટે.
૬. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃપ્રાપ્ય ઊર્જા જનરેશન માટે.

"ગુજરાતરાજ્યને વિન્ડ સેક્ટરમાં ઉત્તમ કામગીરી માટે ઘણા એવોર્ડસ મળ્યા છે. હાલમાંજ ભારત સરકારના ઉર્જા અને નવીન અને બિનપરંપરાગત ઉર્જાના માનનીય મંત્રીશ્રી આર.કે. સિંઘ દ્વારા ૧૫મી જૂન ૨૦૨૨ના રોજપવન ઉર્જા ક્ષેત્રે વર્ષ ૨૦૨૧ માટે સૌથી વધુ સ્થાપિત ક્ષમતા માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરતી રાજ્ય નોડલ એજન્સી તરીકે ગુજરાતની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગરને એવોર્ડ આપવામાં આવેલ હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.24